# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-01-2026 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## વાયબ્રન્ટ ગુજરાત રિઝનલ કોન્ફરન્સ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજકોટની મારવાડી યુનિવર્સિટી ખાતેથી 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરતી 'વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ: સૌરાષ્ટ્ર-કચ્છ' અને પાંચ દિવસીય બિઝનેસ એક્ઝિબિશનનો આરંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે સૌરાષ્ટ્ર-કચ્છના 7 જિલ્લામાં 3,540 એકરમાં ફેલાયેલી 13 નવી GIDCની જાહેરાત કરાઈ હતી. કચ્છ સહીત જામનગર, અમરેલી, ભાવનગર, મોરબી અને સુરેન્દ્રનગરમાં આ નવી 13 સ્માર્ટ GIDC બનશે.

વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના ઉદ્ઘાટન બાદ પ્રધાનમંત્રીએ ૧૮,૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલા વિશાળ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. તેમણે 'એન્ટરપ્રાઈઝ એક્સેલન્સ પેવેલિયન' માં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ, એસ્સાર, ન્યારા એનર્જી અને જ્યોતી સી.એન.સી. જેવા અગ્રણી એકમો દ્વારા દેશના આર્થિક વિકાસમાં અપાઈ રહેલા યોગદાનનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે ગુજરાતની વધતી જતી ઔદ્યોગિક તાકાત અને ટેકનોલોજીકલ પ્રગતિને બિરદાવી હતી.

સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાની અસીમ ક્ષમતાઓને ઉજાગર કરતા 'ઓશન ઓફ ઓપોર્ચ્યુનિટીઝ' પેવેલિયનમાં શ્રી મોદીએ વિશેષ રસ દાખવ્યો હતો. ગુજરાત મેરિટાઈમ બોર્ડ દ્વારા બ્લુ ઈકોનોમીના વિકાસની રજૂઆત તેમજ રિલાયન્સ ન્યૂ એનર્જી જેવા સ્ટોલ્સ દ્વારા પ્રદર્શિત નવીન ટેકનોલોજીએ આકર્ષણ જમાવ્યું હતું. આ પ્રદર્શનમાં ઉદ્યોગ જગતના વિકાસ સાથે પર્યાવરણની જાળવણીના સમન્વયની ઝાંખી રજૂ કરવામાં આવી છે.

આ પ્રદર્શનમાં સ્થાનિક કલા અને લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે ‘હર ઘર સ્વદેશી’ ના મંત્ર સાથે MSME પેવેલિયન તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં પ્રધાનમંત્રીએ ગ્રામીણ કારીગરોની હસ્તકલા અને સ્વદેશી હાટની મુલાકાત લીધી હતી. ૧૫મી જાન્યુઆરી સુધી ચાલનારું આ પ્રદર્શન વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકો માટે જ્ઞાનવર્ધક બની રહેશે અને ‘વિકસિત ભારત @ ૨૦૪૭’ના લક્ષ્યને નવી ગતિ આપશે.

---------------------------------------------------------------------------------------------

## રવિ સિઝનમાં પાકોનું વાવેતર:

ચાલુ રવિ સીઝનમાં અત્યાર સુધી જિલ્લામાં કુલ 1.91 લાખ હેક્ટર વિસ્તારમાં વિવિધ પાકોનું વાવેતર થયું છે, જે છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ વાવેતર કરતાં અંદાજે 21,700 હેક્ટર વધુ છે. ગયા વર્ષે જાન્યુઆરી માસ સુધીમાં જિલ્લામાં 1.93 લાખ હેક્ટર વાવેતર થયું હતું, જ્યારે આ વર્ષે અત્યાર સુધીમાં 1.97 લાખ હેક્ટર સુધી વાવેતર પહોંચી ગયું છે.જીલ્લામાં થયેલ મુખ્ય પાકોમાં ઘઉ 37,811 હેક્ટર રાઈ-35,812 જીરૂ 61,755,ઈસબગુલ 9,150 વરીયાળી 6,494, શાકભાજી 7,515 ઘાસચારો 29,870 હેક્ટરમાં વાવેતર થયુ છે, અને હજી પણ વાવેતર વધવાની શક્યતા હોવાનું કૃષિ વિભાગે જણાવ્યું છે.

---------------------------------------------------------------------------------------------

## શાળાઓના જર્જરિત ઓરડાઓનું સર્વે:

વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાને રાખીને શિક્ષણ તંત્ર દ્વારા સમગ્ર જિલ્લામાં જર્જરિત ઓરડાઓનો સર્વે હાથ ધરવામાં આવ્યો હતો.

આ સર્વેના અંતે કચ્છ શિક્ષણ વિભાગ દ્વારા કુલ 397 ઓરડાઓ જર્જરિત હોવાની વિગતો સાથેની દરખાસ્ત રાજ્ય સરકારને મોકલવામાં આવી હતી. માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ દરખાસ્તની ચકાસણી અને સ્થળ તપાસ કર્યા બાદ, તેમાંથી 294 જેટલા ઓરડાઓને સત્તાવાર રીતે ‘જર્જરિત’ જાહેર કરી દેવામાં આવ્યા છે. દરમ્યાન જીલ્લામાં 73 જેટલી પ્રાથમિક શાળાઓમાં કુલ 364 નવા ઓરડાઓ બનાવવાની કામગીરી ચાલી રહી છે.

---------------------------------------------------------------------------------------------

## એલ.એલ.ડી.સી. વિન્ટર ફેસ્ટિવલ-૨૦૨૬:

ભુજ તાલુકાના અજરખપુર ખાતે એલ.એલ.ડી.સી. દ્વારા ક્રાફ્ટ મ્યુઝિયમને ૧૦ વર્ષ પૂર્ણ થતા 'બેસ્ટ ઓફ બેસ્ટ- એલ.એલ.ડી.સી. વિન્ટર ફેસ્ટિવલ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. જે આગામી તારીખ  ૨૧ જાન્યુઆરી થી ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન એલ.એલ.ડી.સી., અજરખપુરના પ્રાંગણમાં દરરોજ સાંજે ૪ વાગ્યાથી રાત્રિના ૧૦ વાગ્યા સુધી યોજાશે.

આ આયોજન દ્વારા કચ્છની કલા, સંસ્કૃતિ અને સ્થાનિક કારીગરોની કારીગરી વધુ લોકો સુધી પહોંચશે તેમજ કચ્છની ભાતીગળ લોકસંસ્કૃતિ ઉજાગર થશે.

---

## કચ્છ યુનિવર્સિટી- સેમિનાર:

કચ્છ યુનિવર્સિટી ખાતે ટાઉક ઉધોગ સાહસિકતા વિષય પર રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છ યુનિવર્સિટી અંતર્ગત કે.સી.જી ઓફ ગુજરાત દ્વારા શિક્ષણ વિભાગ ગુજરાત સરકારના સહયોગથી વિદ્યાર્થીઓમાં ટકાઉ તેમજ પર્યાવરણને સુસંગત ઉદ્યોગ સાહસિકતા સાથે વોકલ ફોર લોકલ અને આત્મનિર્ભરતાની સંકલ્પનાઓને ધ્યાનમાં રાખી ઉદ્યોગ સાહસિકતા વિકસાવવા અને પ્રોત્સાહન આપવા માટે આ સેમિનારનું આયોજન કરાયુ હતું.

---

## હવામાન:

જીલ્લામાં કાતિલ ઠંડીનો દોર યથાવત રહ્યો છે. અબડાસા તાલુકાના નલિયામાં આજે સિઝનનું સૌથી નીચું તાપમાન 4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જીલ્લા મથક ભુજ  સહિતના સ્થળો ખાતે પણ  લઘુત્તમ તાપમાન ગગડતા સમગ્ર વિસ્તારમાં કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.  ભુજ ખાતે ૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયુ છે.

ઠંડા પવનોને કારણે જનજીવન પર વ્યાપક અસર જોવા મળી રહી છે.શીતલહેરના કારણે લોકો ગરમ વસ્ત્રો અને તાપણાનો સહારો લઈ રહ્યા છે.

---